# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 01-10-2025 Day: Wednesday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## PM – RSS શતાબ્દી મહોત્સવ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ **(RSS)** ના શતાબ્દી સમારોહમાં હાજરી આપશે. આ પ્રસંગે, પ્રધાનમંત્રી રાષ્ટ્રમાં તેના યોગદાનને ઉજાગર કરતી ખાસ ડિઝાઇન કરેલી સ્મારક ટપાલ ટિકિટ અને સિક્કો પણ બહાર પાડશે.

**------------------------------------------------------------------------------------------------**

## ખાનગી ટ્યૂશન સંચાલકો માટે મુસદો

રાજ્યમાં ખાનગી ટ્યુશન સંચાલકો માટે કાયદાનો મુસદ્દો ઘડવા રાજ્ય સરકારે સમિતિની રચના કરી છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષના વડપણ હેઠળની આઠ સભ્યોની સમિતિ ખાનગી ટ્યુશન ક્લાસીસ અંગે મુસદ્દો તૈયાર કરશે. કમિશ્નરશ્રી શાળાઓની કચેરીના નિયામક તેમજ શિક્ષણ વિભાગના નાયબ સચિવ પણ સમિતિના સભ્ય હશે. તેવું શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું હતું.

**------------------------------------------------------------------------------------------------**

## ક્રિકેટ : વિશ્વકપ – ભારતીય મહિલા ટીમ

ભારતીય મહિલા ટીમે પ્રથમ વિશ્વકપની મેચમાં શ્રીલંકાને 59 રને હરાવી વિજયી પ્રારંભ કર્યો છે . ગુવાહાટીની મેચમાં ભારતના 8 વિકેટ 269 રન ના જવાબમાં શ્રીલંકા ટીમ 211 રનમાં આઉટ થઈ ગઈ હતી. દીપ્તિ શર્માએ 3 વિકેટ ઝડપી હતી. શ્રી લંકાએ ટોસ જીતી ભારતની ટીમને દાવ લેવા મેદાનમાં ઉતારી હતી. વરસાદને કારણે મેચની ત્રણ ઓવર ઘટાડી દેતાં

ભારતે 47 ઓવરમાં 8 વિકેટે 269 રન કર્યા હતા. અમન જોતકોરે 57 અને દિપ્તી શર્માએ 53 રન કર્યા હતા.

---

## નવરાત્રિનું નવમું નોરતું

આજે મહા નવમી નવરાત્રી પર્વનું અંતિમ નોરતું ઘરે અને મંદિરોમાં માતાજીના ગરબાનું સ્થાપન કર્યું હોય એ ગરબાઓને આજે નદી સરોવરોમાં વિસર્જિત કરવાની સાથે નવરાત્રિનું સમાપન થાય છે. કેટલીક ગરબીઓનું પણ આજે સમાપન થાય છે. જોકે, મોટાભાગની ગરબીઓનું આવતીકાલે દશેરાના દિને સમાપન થશે. કોઈ સ્થળોએ એકાદ દિવસ વરસાદ અને વરસાદી વાતાવરણને લીધે નવરાત્રી પર્વમાં વિઘ્ન ઊભું થયું હતું. એકંદરે જિલ્લાભરમાં લોકો નવરાત્રી મહોત્સવ ઉમંગ ઉલ્લાસથી માણી રહ્યા છે.

---

## PACSની સેવાઓ

વર્ષ 2023થી અત્યાર સુધીમાં નવી 476 પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળી **PACS,** 691 દૂધ મંડળીઓ અને 22 મત્સ્ય મંડળીઓની રચના કરવામાં આવી છે. સત્તાવાર યાદીમાં જણાવ્યાઅનુસાર નવી **PACS**ને ફર્નિચર ખરીદી માટે 80 ટકા અથવા 10 હજાર રૂપિયાની સહાય તેમજ શેર મૂડી માટે મહત્તમ 50 હજાર રૂપિયાની સહાય અપાશે. રાજ્યમાં અત્યાર સુધી 10 હજાર 957 **PACS** થકી 13 હજાર 875 પંચાયતોનો સમાવેશ કરાયો છે. આગામી બે વર્ષમાં રાજ્યની તમામ ગ્રામ પંચાયતોને **PACS**ની સેવાઓથી આવરી લેવાશે.

---

## લઘુત્તમ ટેકાના ભાવે ખરીદી

ડાંગર, બાજરી, જુવાર, રાગી અને મકાઇનું લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ખેડૂતો આજથી નોંધણી કરાવી શકશે. ખેડૂતો પાસેથી ખરીફ માર્કેટિંગ સિઝન 2025-26 માટે પહેલી

નવેમ્બરથી લઘુતમ ટેકાના ભાવે ખરીદી કરાશે. જેના માટે 31 ઓક્ટોબર સુધી ખેડૂત ખાતેદારના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા ઓનલાઇન નોંધણી કરાશે. આ વર્ષે બાજરી, જુવાર તથા રાગીમાં ટેકાના ભાવ ઉપરાંત પ્રતિ ક્વિન્ટલ 300 રૂપિયાનું બોનસ પણ અપાશે.

લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છતા ખેડૂતો સ્થાનિક ગ્રામ્ય કક્ષાએ **VCE** મારફતે તેમજ તાલુકા કક્ષાએ નિગમના ગોડાઉન ખાતે નોંધણી કરાવી શકશે. પહેલી નવેમ્બર 2025 થી 30 જાન્યુઆરી 2026 સુધી ટેકાના ભાવે ખરીદી કરાશે.

**------------------------------------------------------------------------------------------**

## હવામાન : વરસાદી ઝાપટાં

મધ્યમથી ભારે વરસાદની અવિરત આગાહી વચ્ચે જિલ્લામાં હળવા-ભારે ઝાપટાં વરસ્યા હતા. હવામાન વિભાગે વધુ ત્રણ દિવસ હળવાથી ભારે વરસાદની આગાહી સાથે યલો એલર્ટ જારી કરાયું છે. ભુજમાં સવારે વરસાદી ઝાપટું વરસ્યા બાદ આખો દિવસ ધૂપછાંવનો માહોલ જોવા મળ્યો હતો. કન્ટ્રોલરૂમમાંથી મળેલા આંકડા અનુસાર દિવસ દરમિયાન ગત સાંજે 6 વાગ્યાથી સવારના 6 વાગ્યા સુધી મુન્દરામાં 5 મિ.મિ. માંડવીમાં 2 મિમિ અને ભચાઉમાં 1 મિલિમિટર વરસાદ નોંધાયો હતો.

**------------------------------------------------------------------------------------------**

## સ્પાઇસ જેટ દ્વારા વિમાની સેવા

સ્પાઇસ જેટ દ્વારા આગામી 26 ઓક્ટોબરથી કંડલા એરપોર્ટથી દેશની રાજધાની દિલ્હીની વધુ એક વખત વિમાની સેવા શરૂ કરવા માટેની જાહેરાત કરવામાં આવી છે. આ વિમાની સેવા સપ્તાહમાં પાંચ દિવસ રહેશે અને માર્ચ મહિના સુધી કંડલાથી દિલ્હી વચ્ચે વિમાન ઉડાન ભરશે.

**------------------------------------------------------------------------------------------**